# ધી ધર્મજ પીપલ્સ કો-ઓપરેટીવ બેંક લિ., ધર્મજ.

## :: વાર્ષિક સાધારણ સભાની નોટીસ ::

આથી બેંકના સર્વે સભાસદોને જાણ કરવામાં આવે છે કે બેંકની ૫૪ મી વાર્ષિક સાધારણ સભા તા.૧૪-૦૬-૨૦૨૨ ને મંગળવાર ના રોજ સાંજના ૬- ૦૦ કલાકે અ.પુ.સ્વામિનારાયણ મંદિર, ટાવર પાસે, ધર્મજ માં નીચે દર્શાવેલ કાર્ય વાહી માટે મળશે. તો દરેક સભાસદને હાજર રેહવા નમ્ર વિનંતી.

## કાર્યવાહી

૧. તા.૦૭-૦૮-૨૦૨૧ ના રોજ મળેલ વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીની નોંધને મંજુર કરવા બાબત.

૨. તા.૩૧-૦૩-૨૦૨૨ ના પુરા થતા વર્ષનો સચાલક મંડળે રજુ કરેલ વાર્ષિક અહેવાલ તેમજ વૈધાનિક ઓડીટર્સશ્રીએ પ્રમાણિત કરેલ ઓડીટેડ હિસાબો મંજુર કરવા તથા બોર્ડ ઓફ ડીરેકટર્સ નફાની સુચિત ફાળવણીની ભલામણ મંજુર કરવા બાબત.

૩. સને ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ માટે બેંકના હિસાબો તપાસવા સારૂ કોન્કરન્ટશ્રી, સ્ટેચ્યુટરી ઓડીટરશ્રી ની કરેલ નિમણૂંક અને નકકી કરેલ વેતનને બહાલી આપવા બાબત.

૪. બેંકના પેટા નિયમ ૫ મુજબ ૨૦૨૨-૨૦૨૩ ના વર્ષ માટે બેંકની વધારેમાં વધારે કરજ કરવાની મર્યાદા નકકી કરવા બાબત.

૫. બેંકના પેટા નિયમ ૫૮-બ માં નીચે મુજબના જરૂરી ફેરફાર કરવા બાબત.

૬. પ્રમુખશ્રીની મંજુરીથી જે કાંઇ રજુ થાય તે કામો કરવા બાબત.

ધર્મજ.

તા.: ૧૩-૦૫-૨૦૨૨

બોર્ડ ઓફ ડીરેકટર્સના હુકમથી

**પરીમલભાઇ પી. પટેલ**

(મેનેજીંગ ડીરેકટર)

નીચેના પેટા નિયમમાં જરૂરી સુધારો કરવા બાબત.

| પેટા નિયમ | હાલનો નિયમ | સુધારા બાદનો નિયમ | સુધારાનું કારણ |
|---|---|---|---|
| ૫૮ બ | બાકી રહેલ ચોખ્ખા નફાની વ્યવસ્થા પેટા નિયમ ૫૮ અ પ્રમાણેની વ્યવસ્થા થયા પછી બાકી રહેલ નફામાંથી નીચે પ્રમાણે વહેંચણી કરવામાં આવશે.<br>૧. ૧૫% સુધી ની રકમ ગામ વિકાસ ફંડ ખાતે લેવામાં આવશે.<br>૨. ૧૫% સુધીની રકમ મહોત્સવ ફંડ ખાતે લેવામાં આવશે. | બાકી રહેલ ચોખ્ખા નફાની વ્યવસ્થા પેટા નિયમ ૫૮ અ પ્રમાણેની વ્યવસ્થા થયા પછી બાકી રહેલ નફામાંથી નીચે પ્રમાણે વહેંચણી કરવામાં આવશે.<br>૧. ૧૦% સુધી ની રકમ ગામ વિકાસ ફંડ ખાતે લેવામાં આવશે.<br>૨. ૧૦% સુધીની રકમ મહોત્સવ ફંડ ખાતે લેવામાં આવશે.<br>૩. ૧૦% સાયબર સિકયોરીટી ફંડ ખાતે લેવામાં આવશે. | **RBI** ની માર્ગ દર્શિકા મુજબ ચોખ્ખા નફા માંથી સાયબર સિકયોરીટી ફંડ ની જોગવાઇ કરવી તેના કારણે. |

તા.ક. ૧. કોરમ ના અભાવે મુલત્વી રહેલી સભા તેજ દિવસે તેજ કામકાજ માટે તેજ સ્થળે અડધો કલાક બાદ રાખવામાં આવશે.

૨. સભામાં ફકત સભાસદ તથા આમંત્રિત વ્યકિત જ હાજર રહી શકશે.

૩. સભામાં આ અહેવાલ સાથે લાવવા વિનંતી છે.

૪. બેંકના સરવૈયા બાબત વિશેષ માહિતી જોઇતી હોય તો અથવા અન્ય પ્રશ્નો પુછવા હોય તો તા. ૦૭-૦૬-૨૦૨૨ સુધી માં બેંકમાં લેખિત આપી જવા જેથી યોગ્ય કાર્યવાહી થઇ શકે.